Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या ।

# શ્રી જૈન ધર્મ પ્રકાશ


પુસ્તક ૮૨ મું
અંક ૫
૨૫ ફેબ્રુઆરી

ફાગણ

વીર સં. ૨૪૯૨
વિ. સં. ૨૦૨૨
ઇ. સ. ૧૯૬૬


(११०) मुहुं मुहुं मोहगुणे जयन्तं, अणेगरूवा समणं चरन्तं
फासा फुसन्ती असमंजसं च, न तेसि भिक्खू मणसा पउस्से ॥ १० ॥

૧૧૦. મોહના સ્વભાવ ઉપર જય પ્રાપ્ત કરવાને સાધના કરતા ભારે પુરુષાર્થી શ્રમણને ઘણીવાર અનેક પ્રકારનાં અનુકૂળ કે પ્રતિકૂળ વિષયોરૂપ સ્પર્શો અર્થાત્ વિઘ્નો સાધનામાં અવ્યવસ્થા થાય એવી ભારે નડતર ઉભી કરે છે. તેમ છતાં ય મોહ ઉપર વિજય મેળવવા નીકળેલા ભિક્ષુએ, તે વિઘ્નો તરફ મનથી પણ દ્વેષ ન કરવો. અર્થાત્ ભિક્ષુએ, તે વિઘ્નો તરફ ચીડ ન કરતાં પોતાના લક્ષ્ય તરફ જ આગળ વધ્યે જવું.

—મહાવીર વાણી


: પ્રગટકર્તા :
શ્રી જૈન ધર્મ પ્રસારક સભા :: ભાવનગર


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી જૈન ધર્મ પ્રકાશ :: વર્ષ ૮૨ મું :: વાર્ષિક લવાજમ ૫-૨૫ પોસ્ટેજ સહિત

# अनुक्रमणिका


| | | | |
|---|---|---|---|
| ૧ | અમી ઝરણા | (સ્વ. બાલચંદ હીરાચંદ–સાહિત્યચંદ્ર) | ૩૭ |
| ૨ | શ્રી વર્દ્ધમાન–મહાવીર: મણકો બીજો–લેખાંક: ૧૪ | (સ્વ. મૌક્તિક) | ૩૮ |
| ૩ | અઢીસો વર્ષ ઉપરનું સુરત શહેર: જિનાલયો અને ગૃહચૈત્યો | (પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ.એ.) | ૪૨ |
| ૪ | માનવતા અને દાનવતા | (સ્વ. બાલચંદ હીરાચંદ–સાહિત્યચંદ્ર) | ૪૪ |
| ૫ | શ્રી સિદ્ધસેન દિવાકર | (પં૦ મ૦ શ્રી ધુરંધરવિજયજી ગણિ) | ૪૫ |
| ૬ | પ. પૂ. ભદ્રબાહુસ્વામી મહારાજ | (બાળમુનિ) | ૪૭ |


(અનુસંધાન ટાઇટલ પેજ ૩થી શરૂ)

થાય છે. તેમજ કોકિલા કે કોયલનો રંગ કાળો હોય છે તેમ કાગડો પણ કાળા રંગનો જ હોય છે. બન્નેમાં સરખાપણું જરૂર હોય છે. પણ જ્યારે આંબાની મંજરીઓ પાકે છે અને આખુ વન સુગંધથી મહેકી ઉઠે છે ત્યારે કોયલનો શ્રવણ મનોહર કંઠ સાંભળવા મળે છે. કાગડાનો કાકારવ તો એ પ્રસંગે પણ કઠોર અને કર્કશ જ જોવામાં આવે છે; ત્યારે કાગડા અને કોકીલોની ઓળખાણ પ્રસંગોપાત થઇ શકે છે. એટલા માટે જ આપણામાં દાનવતાના કોઇક ગુણો તો નથી પેસી ગયાને? એની સાવચેતી આપણે રાખવી પડે છે. દાનવોના ગુણોનું વર્ણન એટલા માટે ઉચિત છે.

એકાદ સડેલું ફળ હોય અને તેની સાથે બીજા સારા ફળો મૂકવામાં આવે તો સારા ફળો પણ સડવા માંડે છે. સંસર્ગજન્ય રોગનો ચેપ ફેલાતા વાર લાગતી નથી તેમ દાનવોની સોબતમાં માનવોને પણ દાનવતાનો રોગ વળગતા વાર લાગતી નથી. 'સોબત તેવી અસર' એ કહેવત સાર્થ છે. પંડિતોની સભામાં આપણે જઈ બેસવાનો પ્રસંગ મળે તો આપણા મન ઉપર તેની સારી છાપ થોડીઘણી પણ પડે છે જ. તેમજ વ્યસની અને દુર્ગુણીઓની સોબતમાં કોઇને કોઈ દુર્ગુણનો ચેપ આપણને વળગવાનો સંભવ ઉત્પન્ન થાય છે. માટે જો આપણે આપણી માનવતા ટકાવવી હોય તો દાનવોથી બચવું જોઇએ. અને તેવા દાનવોની સોબત આપણે ટાળવી જોઇએ.

દયા, ક્ષમા, શાંતિ, પરોપકારની વૃત્તિ, બીજાના દુઃખો જોઈ હૃદય દ્રવીભૂત થવું અને જ્ઞાની સંત સત્પુરૂષો માટે આદરસન્માન જાગવો, કોઈના પણ સુખથી કે ઉત્કર્ષથી આનંદ અને સંતોષ અનુભવવો એ માનવતાના ગુણોનું બરાબર પાલન આપણે કરીએ છીએ કે કેમ તેની સાવધાનતા રાખવી એ આપણું કર્તવ્ય થઈ પડે છે. એ ગુણોનો ઉત્કર્ષ બધાઓમાં થાય એ જ શુભેચ્છા.

(અનુસંધાન ટાઇટલ પેજ ૪થી શરૂ)

પોતાના મનના વિકારો અને વિકલ્પોને દૂર કરવાનો પ્રયત્ન હોવો જોઈએ. મનમાં રહેલા ક્રોધ, માન, માયા અને લોભને જીતવા જોઇએ. સામાયિક સાધનાનું લક્ષ સમતાભાવની વૃદ્ધિ થાય અને જ્ઞાનની જ્યોત જાગે તેવી હોવી જોઇએ.

(જૈન સિદ્ધાંતમાંથી થોડા ફેરફાર સાથે) તંત્રી.

**શ્રી અંચલગચ્છીય લેખ–સંગ્રહ**:–શિલાલેખ–પાષાણ પ્રતિમા લેખ, ધાતુમૂર્તિલેખ, તામ્રલેખ ઈત્યાદિના સંગ્રહનો આ ગ્રંથ ૭૫ ન.પૈસા પોસ્ટેજ મોકલવાથી વિના મૂલ્યે નીચેના સરનામે પ્રાપ્ત થઈ શકશે:–શ્રી અનંતનાથજી મહારાજનું જૈન દહેરાસર, ૩૦૬, નરશી નાથા સ્ટ્રીટ, મુંબઇ નં. ૯

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

પુસ્તક ૮૨ મું
અંક ૫

ફાગણ

વીર સં. ૨૪૯૨
વિક્રમ સં. ૨૦૨૨

## ગિરિશિખર ઝરણા

( માલિની )

ગિરિશિખર મુખેથી વારિધારા વહે છે,
વિવિધ જલ તરંગે ચિત્ત મોહી રહે છે;
અનુકુલ ગતિ ધારી માર્ગ શોધી વહે છે,
નયન રૂચિર ધારા રૂપ નાના ધરે છે. ૧

રજતરસ સમી એ નીરધારા રૂપાળી,
મધુર પય દિસે છે શ્વેત માળા રસાળી;
સકલ જન વિલોકી થાય છે મુગ્ધ ચિત્ત,
નિજ મન સહુ માને સ્વર્ગનું દિવ્ય વિત્ત. ૨

અમર નવ વધુના જે અલંકાર નાના,
ત્રુટિત થઈ પડ્યા છે ભાસતા દિવ્ય તેના;
અતુલ ચળકતા તે ચિત્ત આનંદ આપે,
ગિરિવર તનુ શોભા આદરે શાંતિ થાપે. ૩

પ્રભુ મુખ કમલેથી શાંતિધારા પ્રવાહી,
સહુ જન સુખકારી જે ખરી ભાવવાહી;
રજત રૂચિર રૂપે એ વહે ચિત્ત ભાસે,
ભવિજન મન રીઝે આત્મશાંતિ વિલાસે. ૪

ગિરિકુહર વસ્યા કૈ યોગિઓ ને મુનીંદ્રો,
યમ નિયમ ધરીને સિદ્ધિ પામ્યા યતીંદ્રો;
પ્રગટ રૂચિર પામ્યા વારિ ધારા પ્રપાતો,
વિષદ ગિરિ શુભાંગે વારિ રૂપે પ્રવાહો. ૫

ભવનિધિ તરવાના માર્ગ નાના બતાવે,
મન તનુ વિકસાવે ધર્મધારા સ્વભાવે;
શમ દમન તિતિક્ષા આત્મશાંતિ વિકાસે,
અમર જિનતણી એ વાણી વારિ સ્વરૂપે. ૬

બહુવિધ ઝરણા એ સર્વ એકત્ર થાય,
પ્રવચન જલ એવા શાસ્ત્રરૂપે ગણાય;
અમિત નિઝરણા સૌ થાય ગંગા સ્વરૂપે,
ભવજન મન કેરા દોષ ધોએ પ્રકર્ષે. ૭

અતિ વિમલ જલેથી જે ભરી વાણી ગંગા,
મુનિગણ સહુ ઝીલે તેહમાં નિત્ય ચંગા;
મુજ મન બહુ થાઓ તેહમાહે પ્રસન્ન,
ઈમ નિજ દિલ ધારે નિત્ય બાલેન્દુ ધન્ય. ૮

૨૫૦

સાહિત્યચંદ્ર
બાલચંદ હીરાચંદ,
માલેગામ ( નાસિક )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી વર્દ્ધમાન-મહાવીર

મણકો ૨ જો :: લેખાંક : ૧૪

લેખક : સ્વ. મોતીચંદ ગિરધરલાલ કાપડિયા (મૌક્તિક)

## પ્રકરણ ૧૩ મું

### નિશાળ ગરણું.

પુત્ર જ્યારે આઠ વર્ષનો થાય અને તેનું શરીર બંધારણ ઠીક થઇ જાય, ત્યારે માબાપ તેને તે યુગમાં નિશાળે મૂકતા. આ યુગની પરિસ્થિતિ જુદી જ છે. અત્યારે તો કેળવણીની શરૂઆત છઠ્ઠે અને કોઇ વાર તેના આગળનાં વર્ષોમાં શરૂ થઈ જાય છે. આ સ્થિતિમાં ફેરફાર થવાનું કારણ બ્રીટિશ યુગમાં શરૂ કરેલ કેળવણીની છે. તેમાં મેટ્રિક છતાં પંદર સોળ કે સત્તર વર્ષની વય પસાર થઇ જાય છે, અને કોઈ વિદ્યાર્થી ભણવામાં સારો નીકળે અને વડીલવર્ગને તેની તરફની આવકની જરૂરીઆત ન હોય તો તેને બી. એ; એમ. એ; સુધીનો અભ્યાસ કરાવવામાં આવે છે. આ રીતે વીશ બાવીશ વર્ષની વય થઈ જાય છે અને કોઇને વિશેષ અભ્યાસ કરવા વિલાયત મોકલવામાં આવે કે અમેરિકા જાય તો પચ્ચીશ ત્રીશ વર્ષની વય સુધી અભ્યાસકાળ લંબાય છે; પણ આપણે જે યુગની વાત કરીએ છીએ તેમાં તો આઠ વર્ષની વય સુધીનો શરીરને પાકટ થવા દેવામાં આવતું હતું અને તે યુગમાં માણસોની કેળવણી પણ ત્રણ આરની જ હતી એટલે એક મનુષ્ય વાંચતા શીખી જાય (Reading), લખતા ભણતા તેને આવડી જાય (Writing) અને Arithmetic એટલે હિસાબ કરતાં આવડી જાય એટલી ત્રણ આરની કેળવણી પરિપૂર્ણ ગણાતી હતી. અને પંચોપાખ્યાનનો અભ્યાસ કરનાર ભારે નિષ્ણાત અને પાંચમાં પૂછાય તેવો ગણાતો હતો. કોઈ કોઇ તો એવા ભણવાના રસવાળા કાશી જઈ ત્યાં બીજાં બાર વર્ષ સુધી અભ્યાસ કરતા હતા અને પંડિત થઈ જતા હતા. પણ એવા પ્રકારનો વર્ગ તો ઘણો નાનો હતો. સામાન્ય રીતે તો સોળ આંક, કક્કો, બારાક્ષરી અને નામા હિસાબ જ શિખતા અને પોતાને હુશિયાર માનતા અને એવા પ્રકારના લોકો પણ પોતાનું કામ ચલાવતા હતા. ગામડી અથવા ધૂડી નિશાળમાં છોકરાઓ સાથે બેસતા, ત્યાં શિક્ષકના ઘરમાં એક સરસ્વતીની મૂર્ત્તિ રાખવામાં આવતી, તેની પાસે ઘીનો દીવો કરીને અભ્યાસની શરૂઆત થતી અને આવો નવો વિદ્યાર્થી સ્કૂલમાં-નિશાળમાં બેસે અથવા પુત્રજન્મ થાય તે દિવસે આખી નિશાળને રજા આપવામાં આવતી અને નિશાળના સર્વ વિદ્યાર્થીઓને રજા પડવાથી સર્વ છૂટકારાનો દમ ખેંચતા. અને 'ફત્તે ફત્તે' એમ બોલતા આનંદથી પોતાને ઘેર ચાલ્યા જતા હતા. વિદ્યાર્થી વર્ગ આ રીતે છૂટો થાય તે પહેલાં તેમનાં મોંઢા મીઠા કરાવવાની વસ્તુ-પતાંસાં તેમને વહેંચવામાં આવતા અને મોટેથી બૂમ મારતાં અને 'ફત્તે ફત્તે'નો અવાજ કરતાં છોકરાઓ ઘેર જતા હતા. કન્યા કેળવણી માટે તે યુગમાં કોઇ જાતનો પ્રબંધ હોય તેવું જાણવામાં આવ્યું નથી. કોઈ નવા વિદ્યાર્થીને નિશાળમાં આવવાની કે કોઇને ત્યાં પુત્ર જન્મ થવાની વિદ્યાર્થીઓ રાહ જોતા. આ ગામડી સ્કૂલોમાં દરેક આંકની તેમજ નામા હિસાબની કે કાગળ લખવાની રીત શીખવવાની ફી લેવામાં આવતી હતી અને આ રીતે દશ કે અગિયાર વર્ષની વયે તો વિદ્યાર્થી પોતાના ધંધા માટેનું જરૂરી જ્ઞાન મેળવી લેતો હતો અને પછી પોતાના ધંધામાં પડી જતો હતો.

વર્દ્ધમાનકુમાર જ્યારે આઠ વર્ષની વયના થયા ત્યારે સિદ્ધાર્થરાજાએ પોતાની પત્નીને વાત કરી. તેઓ વચ્ચે નીચે પ્રમાણે વાતચીત થઈ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સિદ્ધાર્થ : 'આપણો વર્ધમાન હવે આઠ વર્ષની વયનો થયો, તો તેને આપણે હવે નિશાળે મૂકવો જોઇએ.

ત્રિશલા–'આપનો વિચાર યોગ્ય છે. એને હવે અભ્યાસ કરાવવો જોઇએ. સારો દિવસ જોઇને એને નિશાળે મૂકો.'

રાણીની આ પ્રમાણે સંમતિ મળતાં રાજાએ સારો દિવસ જોવરાવ્યો અને નિશાળગરણું કરવાનો નિશ્ચય કર્યો. રાજાનો દિકરો પોતાને ત્યાં વિદ્યાર્થી તરીકે ભણવા આવે છે એ વિચારથી શિક્ષકને પણ આનંદ થયો અને મોટી પાઘડી બાંધી તેઓ નિશાળે આવ્યા અને સર્વ છોકરાઓને છૂટી આપી.

આ વખતે ભણેલ ગણેલ પ્રભુને નિશાળે મૂકાતાં જોઇ સૌધર્મેંદ્રને વિચાર થયો કે આ તો ઘણું વિચિત્ર થાય છે, પ્રભુ તો ત્રણ જ્ઞાનના ધરનારા છે, તે સાથે જ અવતરેલા છે, તેમને નિશાળે જવાની જરૂર નથી, કારણ કે શિક્ષકથી પણ તે વધારે ભણેલા તો અત્યારે જ છે, તો મારે કાંઈ કરવું જોઈએ. આવા વિચારને પરિણામે તેઓએ વૃદ્ધ બ્રાહ્મણનું રૂપ લીધું. વૈક્રિય શરીરને લીધે આ શક્ય હતું. તેઓ વૃદ્ધ બ્રાહ્મણને રૂપે ક્ષત્રિયકુંડ નગરે આવ્યા અને નિશાળ–ગરણામાં–વરઘોડામાં ભાગ લેવા મંડી ગયા. સર્વ છોકરાઓની–વિદ્યાર્થીઓનું સરઘસ આવ્યું. તેમાં રાજારાણી તથા આ વૃદ્ધ બ્રાહ્મણ સાથે હતા અને સરઘસમાં આગળ વધી સરસ્વતીપૂજન પ્રથમ કરવામાં આવ્યું અને સર્વ નિશાળ તરફ આગળ વધ્યા. નિશાળે ગયા પછી જે ચમત્કારી બનાવ બન્યો તે ખાસ નોંધવા લાયક છે. તે બનાવ આ પ્રમાણે બન્યો.

સરસ્વતીની સમક્ષ વૃદ્ધ બ્રાહ્મણે સવાલો એક પછી એક વર્દ્ધમાનકુમારને પૂછવા માંડ્યા અને કુમારે તેના જવાબો પટપટ આપી દીધા, જે સવાલો તથા તેના ઉત્તરો સાંભળી સિદ્ધારથ રાજા અને કુટુંબીજનો તો આશ્ચર્ય જ પામી ગયા. સંસ્કૃતમાં અપવાદના પણ અપવાદો એક નિયમને હોય છે અને આ સર્વ સવાલોમાંના ઘણાક તો અપવાદના પણ અપવાદના હતા અને તે દરેક બાબતમાં મહેતાજી અથવા શિક્ષકને પોતાને પણ શંકાઓ હતી. આ જવાબો સાંભળી શિક્ષકની શંકાઓ પણ દૂર થઇ અને આશ્ચર્ય પામી પોતે જ બોલી ઊઠયા કે આવા અસાધારણ વિદ્વાન પુત્રને ભણાવનાર હું તે કોણ માત્ર? આ છાત્ર તો મારાથી પણ હોંશિયાર છે અને મને ભણાવે તેવો છે. આ સર્વ હકીકત જાણીને તથા કાને સાંભળીને અને ખાસ કરીને શિક્ષકની આ છેલ્લી ટીકા સાંભળીને સિદ્ધારથ રાજા ઘણા ખુશી થઇ ગયા અને પુત્રને સાથે લઇને પોતાને રાજકુળે પાછા ફર્યા.

કેટલાક આ શિક્ષકની શંકા નિવારણના બનાવને રાજદરબારમાં વરઘોડો કાઢવા પહેલાં જ મૂકે છે અને નિશાળગરણાની આવી વાતને કાઢી નાખે છે અને કુમાર વર્દ્ધમાનના નિશાળગરણાની વાતની શરૂઆતની પણ ના પાડે છે. આ હકીકત ગમે તેમ હોય પણ વ્યાકરણની લગતી શંકાઓ શિક્ષકની આ સવાલ જવાબોથી દૂર થઇ તે વાતમાં સર્વ ચરિત્ર લેખકો એકમત છે.

આ સવાલ જવાબો ઉપરથી ત્યારપછી એક જૈનેંદ્ર વ્યાકરણ અથવા ઇંદ્ર વ્યાકરણ બન્યું એટલો બધો મહત્વનો આ બનાવ બની ગયો.

આ જૈનેંદ્ર વ્યાકરણના પાયા ઉપર જ પંદરસે લગભગ વર્ષ પછી સિદ્ધહેમ વ્યાકરણ બન્યું અને સંસ્કૃત ભાષાના નિયમોને તેમાં ઘણા હળવા બનાવી દેવામાં આવ્યા એ તો પ્રસિદ્ધ વાત છે.

સંસ્કૃત ભાષા તો દેવ ભાષા છે. એ બોલવામાં કે સાંભળવામાં અત્યંત મીઠી ભાષા છે અને ભારત વર્ષની અત્યારે બોલાતી ઘણીખરી ભાષાઓનું મૂળ પણ એ જ ભાષામાં છે. એના વ્યાકરણનો અભ્યાસ જરા આકરો છે એ વાત ખરી છે, પણ એક વખત એના વ્યાકરણનો જરા મહેનત લઇ અભ્યાસ કરવામાં આવે તો એ અભ્યાસથી આ ભવ અને પરભવ સુધરી જાય છે, કારણકે એ ભાષાનું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બેડાણ હજાર વર્ષથી ત્યાર બાદ સારી રીતે થયું છે અને આત્માને ઉદ્દેશી તેમાં અનેક પુસ્તકો લખાયા છે જે આ ભવ અને આવતા ભવની ચોક્કસ સુધારણા કરે છે અને બીજી વાત એ છે કે એ ભાષા દેવભાષા હોઈ સાંભળવી પણ ખુબ કર્ણપ્રિય છે. તમે એનો અર્થ ન જાણતા હો તો પણ એ ભાષા સાંભળવી શ્રુતિપ્રિય છે અને ભાષા તરીકે એ સિદ્ધભાષા છે. એના નિયમો સમજવા કે ધારણ કરવામાં જરા મુશ્કેલી પડે છે, પણ એક વખત તે જાણવા સમજવા પછી આખા જીવનને સુધારે છે અને માણસ પોતાનું જીવન સુધારવું એ ખરેખરી મજા ગણે છે. બાકી ખાવું પીવું અને આરામ કરવો તે તો સર્વ જનાવરો પણ કરે છે પણ સંસ્કૃતભાષાના પંચકાવ્ય કે થોડા નાટકો જોયાં હોય માણસની ભવ્ય કલ્પનાઓ ક્યાં સુધી આગળ વધી છે તેનો અનુભવ માણી શકાય. બાકી તો આ સર્વ મૂકીને અંતે જવાનું જ છે, પણ પોતે હાણેલ–માણેલ હોય તે જ પોતાનું છે. અને ભવ્ય કલ્પનાના પ્રદેશમાં જીવવું એ જીંદગીનો એક ખરેખરો લાહવો છે અને તે આ ભાષા જાણવાથી જરૂર મણાય છે અને આખા જીવનને એ રીતસરનું અને કાંઇક સાધ્યવાળું બનાવે છે. આ જીવન અંધારામાં ગોથાં ખાવા જેવું કે ફેંકી દેવા જેવું નથી, પણ સારા ઉદ્દેશવાળું છે અને તેને આ ગિર્વાણભાષાથી ભવ્ય કરી શકાય છે.

આ આખો નિશાળગરણાનો પ્રસંગ અથવા ભગવાનને નિશાળે મૂકવાનો પ્રસંગ ભગવાન જ્યારે લગભગ પૂરાં આઠ વર્ષ કરવા આવ્યા ત્યારે થયો તે બાબતમાં સર્વ ચરિત્ર લેખકો સંમત છે. આ બાબત તો હાલ હાલમાં પાંચ વર્ષની વયે થાય છે અને કોઈ પ્રભાવશાળી બાલક કે બાલિકાના સંબંધમાં તો તેથી પણ વહેલાં બને છે, તેથી તે સંબંધમાં સ્થિતિ સુધરી ગઇ ન હોય ત્યાં પણ સુધારા પર છે અને નવીન રાજનીતિ પણ કેળવણી અને ખાસ કરીને બાળ કેળવણીને મફત અને ફરજિયાત થવાના રસ્તા પર છે તેથી તે સંબંધમાં તો ગામડાંઓનાં આગેવાન માણસોનું લક્ષ્ય ખેંચવાનું યોગ્ય ધારવામાં આવે છે. હજુ ગામડાંની કેળવણી સંબંધમાં સ્થિતિ સંતોષકારક નથી. ત્યાં કેટલાંક સ્થાનો પર તો અભ્યસ કરાવવા માટેનાં સ્થાનનો અભાવ છે અને બાળકો બાલ્યકાળ રખડવામાં ગાળે છે. એ સ્થિતિમાં સુધારો થવાની જરૂર છે, એટલું આગેવાનોનું લક્ષ્ય ખેંચી આ ઘણો મહત્વનો પ્રસંગ આટોપી લેવામાં આવે છે.

## પ્રકરણ ૧૪ મું.

### પાણિગ્રહણ અને લગ્ન

મનુષ્યના જીવનમાં બે પ્રસંગો અતિ મહત્વનાં છે અને બન્નેની લગતી સંસ્થાઓ, રિવાજો અભ્યાસ કરવા યોગ્ય છે. કારણ કે એ બન્ને પ્રકારોએ મનુષ્ય જીવન પર ઘણી અગત્યની અસર કરી છે અથવા એ બન્ને સંસ્થાઓનો બારિકીથી અભ્યાસ કરવો એ આ મનુષ્ય તરીકેનાં જીવનમાં અતિ મહત્વની બાબત છે. એ બે સંસ્થાઓ અથવા તેને લાગતા રિવાજો તે **મિલ્કત અને લગ્નની** બાબતો છે. એટલે માણસો મિલ્કત કોને કોને માને છે અને તે મિલ્કત તેનાથી વેચાઇ જાય તો તે કોની અને ક્યારે થાય છે અને લગ્નની પ્રથા તો દરેક પ્રજાની જુદી જુદી હોય છે, પણ એકંદરે એનું પરિણામ તો પ્રાણીને આ જીવન સાથે રાખવાનું અને સંસારમાં આંટા ફેરા કરવામાં આવે છે અને પ્રાણીને સંસારમાં રાખવામાં આવે છે. એનો સંસાર સાથેનો સંબંધ એથી ઘનીષ્ઠ થાય છે અને પ્રાણી આ બે સંસ્થાને કારણે સંસારમાં ફર્યા જ કરે છે.

એવો અગત્યનો આ બે સંસ્થાનો ઇતિહાસ હોવાથી એ બન્નેનો સારી રીતે અભ્યાસ કરવો જોઇએ અને એનાં મૂળ તત્વો ખૂબ સારી રીતે અભ્યસવાની પ્રત્યેકની ફરજ છે એ વાતનો સ્વીકાર કરવો જોઈએ. આ મિલ્કત પ્રાણીને સંસાર સાથે ચોંટેલો રાખે છે અને એક સ્ત્રી ઉપર એનો સ્નેહ થવાથી બીજી સર્વ સ્ત્રીઓને તે બહેન અથવા માતા ગણે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે; તેથી આ બન્ને સંસ્થાઓ અથવા રિવાજોનો બારિકીથી અભ્યાસ કરવાને પરિણામે પ્રાણી સંસારને બરાબર ઓળખી તેના પ્રત્યે પોતાનું વલણ કેવું રાખવું તેનો નિર્ણય કરે છે અને તે નિર્ણય પર તેના આવતા ભવના ભવિષ્યનો આધાર હોવાને કારણે એ બન્ને સંસ્થાઓ અથવા રિવાજો ખાસ અગત્યનો અભ્યાસ માગી રહે છે; એટલી વાત કરી મહાવીર-સ્વામીએ અથવા વર્દ્ધમાનકુમારે તે તરફ કેવું વલણ દાખવ્યું તે અનુકરણીય હોવાથી આપણે તે જોઈએ.

વર્દ્ધમાન મહાવીરનું શરીર સુદ્રઢ હોવાથી એમના તરફ અનેક રાજાઓ પોતાનું આકર્ષણ આપી રહ્યા હતા અને પોતાની પુત્રીના તેની સાથે લગ્ન થાય તો પુત્રી યોગ્ય પતિને દીધી એમ માનતા હતા અને આડકતરી રીતે કે સીધી રીતે તેની સાથે વિવાહ સંબંધ થઈ જાય તો તેને ઇષ્ટ માનતા હતા. તેઓએ આવો સંબંધ જોડવા માટે અનેક પ્રયત્ન કરી જોયા હતા, કારણ કે પોતાની પુત્રી યોગ્ય વયની થાય તેનો વિવાહ સંબંધ યોગ્ય પતિ સાથે યોગ્ય વયે થઇ જાય એમ તેઓની ઈચ્છા હતી.

પણ વર્દ્ધમાન-મહાવીરનું આ બાબતમાં લવણુ એકસરખું હતું. તેઓને તો સંસારત્યાગની ભાવના જ ઇષ્ટ હતી તેઓ અપૂર્વ જ્ઞાનથી સંસારને બરાબર ઓળખતા હતા. અને લગ્ન એટલે સંસાર છે એમ સમજી વિવાહ કરવાની ના પાડતા હતા. તેઓનું મન સસાર તરફ ઉદાસી હતું પણ તેઓનો એક નિયમ ચોક્કસ હતો કે માતપિતા જીવતાં હોય ત્યાં સુધી સંસારનો ત્યાગ કરીને પોતે દીક્ષા ન લેવી. આ નિયમને લીધે તેમની સંસારના સર્વ ભાવો તરફ ઉપેક્ષા હતી, પણ છતાં તેઓ સંસારમાં તો જરૂર ચાલુ રહ્યા હતા અને તેને અંગે સાક્ષીરૂપે રાજ્યના વહીવટમાં અને સંસારમાં ચાલુ રહ્યા હતા. વળી તેમને અનેક મિત્રો સમજાવતા, અનેક સગાં-સ્નેહીઓ સમજાવતા કે સંસારમાં રહેવું અને વિવાહ ન કરવો એ વાત બને તેમ નથી, સંસારમાં રહેવું તો પ્રેમસંબંધની જરૂર જ છે અને તે વગર ચાલે તેમજ નથી, કારણ કે નરમગરમ શરીર થાય તે વખતે તેમજ અનુકૂળ વખતે સ્ત્રીસંબંધ વગર ચાલે તેમ જ નથી.

તેઓ ( વર્દ્ધમાન-મહાવીર ) હવે બાલ્યાવસ્થા મૂકી યુવાવસ્થા તરફ પ્રયાણ કરી રહ્યા હતા. તેઓનું સાત હાથનું શરીર અને આકર્ષક શરીર કન્યાઓના પિતાને તો બહુ જ આકર્ષક લાગતું હતું. આવા મજબૂત શરીરવાળા કસરતી શરીર તરફ અને ખાસ કરીને નીરોગી શરીર તરફ અનેક દીકરીના પિતાનું આકર્ષણ થાય તે સ્વાભાવિક છે, કારણ કે દિકરીનું સુખ ઇચ્છનાર પિતાની ભાવના સારામાં સારૂં ઘર, શિક્ષણ, સ્વભાવ અને પિતાનું ઘર જોવાનો તે યુગમાં સમય હતો અને આવો સર્વ પ્રકારે યોગ્ય પતિ મળે એ હકીકતને દરેક રાજા પિતા બહુ ઉત્તમ પસંદગી ધારતા હતા, પણ વર્દ્ધમાનકુમારનો જવાબ તો એક સરખો જ હતો. તેનું મન સંસાર કરતાં સંસારત્યાગ તરફ વધારે હતું અને ગર્ભમાં કરેલી પ્રતિજ્ઞા યાદ ન કરી હોત તો તેઓ વિવાહ સંબંધની વાત જ કદાચ સાંભળત નહિ

આવું સુંદર શરીર, રાજ્યવૈભવ અને તેઓનું કોઇપણ માતપિતાનું આકર્ષવા માટે પૂરતા હતા. તે કાળમાં વિવાહ સંબંધનું કાર્ય માતપિતા કરતા હતા, કન્યા નીરોગી જોવી, કૂળ ઉત્તમ જોવું અને કન્યાની વય જાણવાની પોતાની ફરજ તેઓ સમજતા, પણ વિવાહ કરવા સંબંધી સર્વ જવાબદારી માબાપની ગણાતી.

માબાપો આ જવાબદારીનો સારો જવાબ આપતા. તેઓ કન્યાના વય, કૂળનો વિચાર કરતા અને પોતાને યોગ્ય કુટુંબ સાથે સંબંધ જોડવામાં પોતાના કૂળની અને પુત્રના હિતની નજર રાખતા. અત્યારે પ્રેમથી જે વિવાહ સંબંધ થાય છે, જેમાં જ્ઞાતિ કે અભ્યાસ જોવામાં નથી આવતાં, તેવું તે વખતે નહોતું. માબાપ જે સંબંધ જોડે તે પુત્રને કબૂલ ગણાતો અને માબાપના વચનને માન્ય રાખવાનો પુત્રનો ધર્મ ગણાતો મા બાપ આ ધર્મનો અમલ સારી રીતે પુત્રનુ હિત ઇચ્છી કરતા હતા અને સંબંધમાં પ્રેમનું તત્ત્વ આવતું જ નહિ, તે એટલે સુધી કે પુત્રનું વેવિશાળ કરતી વખતે અનેક વખત તો પુત્રની સંમતિ લેવામાં આવતી નહોતી અને એવા સંબંધથી જોડાયલા દંપતિ આનંદથી પોતાનો સમય નિર્ગમન કરતા હતા. આથી કન્યાને ભગાડવાના નસાડવાના પ્રસંગો જવલ્લે તે સમયમાં બનતાં અને માબાપે કરેલા આવા પ્રકારના સંબંધમાં મોહ કે ઉપર ઉપરના પ્રેમનો પ્રસંગ ન હોવાથી એવાં લગ્ન સુખકારી નિવડતા. (ક્રમશ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અઢીસો વર્ષ ઉપરનું સુરત શહેર : જિનાલયો અને ગૃહચૈત્યો

લે૦ પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ.

'સુરત' શહેર આશરે આઠ સો વર્ષ જેટલું પ્રાચીન છે. એને અંગે અત્યાર સુધીમાં જાતજાતનાં પુસ્તકો અને લેખો લખાયાં છે. જૈન ગ્રન્થકારોનો પણ એમાં ફાળો છે. જૈનોના "કટુક (કડવા)મત"ને નામે ઓળખાવાતા એક સંપ્રદાયના થોભણના શિષ્ય **લાધાશાહે** સુરતને લક્ષીને **ચૈત્યવાડ** નામની એક કૃતિ ગુજરાતીમાં ૮૧ કડીમાં વિ. સં ૧૭૯૩માં સુરતનું ચાતુર્માસ પૂરુ થતાં રચી છે. એ "સુરત ચૈત્ય પરિપાટી" તરીકે જાણીતી છે. એ ત્રણ સ્થળેથી પ્રકાશિત થયેલી છે: (૧) પ્રાચીન તીર્થ-માળા–સંગ્રહ (ભા. ૧, પૃ. ૬૨–૬૯) અને (૨) "સુરત ચૈત્ય પરિપાટી" (પૃ ૬–૧૫) અને (૩) સૂર્યપુર રાસમાળા (પૃ. ૧–૭) એમાં અહીંના મોટાં જિનાલયો અને ગૃહચૈત્યોની તેમ જ તેમાંની જિન-પ્રતિમાઓની–સંખ્યાનો ઉલ્લેખ છે. આ કૃતિમાં જિનાલયોનો જિનવિહાર, જિનપ્રાસાદ, દેહરું અને જિનભુવન એમ વિવિધ નામે નિર્દેશ છે, જ્યારે ગૃહ-ચૈત્યનો ઘર દહેરાસર તરીકે ઉલ્લેખ છે. મુખ્ય વિષ-યની સાથે સાથે અહીંના કેટલાક લત્તાઓનાં તેમ જ તે સમયના કે એનાથી કંઇક પૂર્વ કાળના કોઇ કોઈ જૈનનાં નામ છે. એ ઐતિહાસિક દૃષ્ટિએ મહ-ત્ત્વનાં છે. વિશેષમાં આ કૃતિ પ્રાચીન હોઇ એ ભાષાની દૃષ્ટિએ પણ ઉપયોગી છે. આમાં લત્તાવાર જિનાલયોનો નિર્દેશ છે. એમાં લત્તાઓનો જે ક્રમ રચાયો છે તે જ ક્રમે હું એનાં નામ વગેરે અત્ર રજૂ કરું તે પૂર્વે એ નોંધીશ કે પ્રસ્તુત કૃતિ પાંચ ઢાલમાં વિભક્ત છે અને એ પૈકી પહેલી ચારે ઢાલને અંતે દોહરાની બબ્બે કડી છે

જિન પ્રતિમાઓને વંદનનું કાર્ય ત્રણ વિભા-ગમાં રજૂ કરાયું છે. (૧) સુરત શહેરની પ્રતિમાઓ, (૨) સુરત બહારનાં પરાંઓની અને (૩) રાનેર (રાંદેર)ની. ગોપીપુરાથી શરૂઆત કરાઇ છે. ત્યાર બાદ નિમ્નલિખિત લત્તાઓનો નિર્દેશ છે:–

[અ] ખપાટિયા ચકલો, કેલા(ળાં) પીઠ, (મુગલી) સરા, વડાચૌટા અને એમાંની વાઘજી વિલંદાની પોળ, નાણાવટ અને સાપુર (શાહપોર), સોનીફળિયું અને એમાં લાલભાઇનું ડેલું, વિલંદાવાડ તેમ જ અમલીરાણ (આમલીરાન) અને એમાં ગંધર્પ(વ)-ફળિયું.

[આ] સુરતની બહારનાં પરાં તરીકે નવાપુ પ) રા સૈયદપુર (સૈયદપરું) અને એમાં હિદરપુર.

[ઇ] રાનેર અને ત્યાંનું સોની ફળિયું.

આ ચૈત્ય**પ્રવાડી**માં ગોપીપરાના સુરા રતનનું, કેળાંપીઠથી મુગલીસરાના ક્ષેત્રમાં કૃષ્ણજી વર્ધમાનનું, વડાચૌટાના વાઘજી વિલંદાનું અને કેસરીસંઘનું તેમ જ નાણાવટથી શાહપોર જતાં **પા**રેખ પ્રેમજીનું નામ નોંધાયેલ છે.

જિનપ્રતિમાઓ ત્રણ પ્રકારની હોવાનો અહીં ઉલ્લેખ છે: (૧) પાષાણની, (૨) ધાતુની અને (૩) રત્નોની.

પ્રસ્તુત કૃતિમાં ત્રણ ભોંયરાનો નિર્દેશ છે: (૧) ગોપીપરાના ધર્મનાથના જિનાલયમાં, (૨) નવા-પરાના શાન્તિનાથના જિનાલયમાં અને (૩) રાંદેરના એક જિનાલયમાં.

અહીં રાંદેરને સુરતનો એક આનુષંગિક ભાગ ગણ્યો હોય એમ લાગે છે.

સુરતમાં ૧૦ જિનાલયો, ૨૩૫ ઘરદહેરાસરો અને ૩૯૭૮ પ્રતિમા હોવાના ઉલ્લેખ ઉપરાંત પ્રસંગોપાત ૨૪ ચોવીસવટા, ચૌમુખ, પંચતીર્થી, પટ, પાટલી, કમલમંડાણ, એકલમલ, કમલ અને



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સિદ્ધચક્રનો ઉલ્લેખ છે. અંતમાં ૧૦૦૪૧ની સંખ્યાનો નિર્દેશ છે.

મુદ્રિત કૃતિમાં 'સુરત 'ને ' સુરત બંદીર ' તેમ જ ' સુરત બિંદીર ' કહ્યું છે. ' બંદર ' એ ' ફારસી ' ભાષાનો શબ્દ છે અને એનાં બંદીર અને બિંદીર એ બે અપભ્રષ્ટ રૂપાંતરો છે.

આ **ચૈત્યપરિપાટી** કરતાં ૧૦૪ વર્ષ જેટલી પ્રાચીન એટલે કે વિ. સં. ૧૬૮૯માં **" સૂર્યપુર ચૈત્યપરિપાટી "** તરીકે નિર્દેશાતી એક ગુજરાતી કૃતિ વૈયાકરણ ઉપાધ્યાય વિનયવિજયગણિએ ૧૪ કડીમાં રચી છે. એમાં એમણે સુરતમાં ૧૧ જિનાલયો હોવાનું કહ્યું છે. પરંતુ એનાં સ્થળોનો નિર્દેશ નથી. આ ૧૧ જિનાલયોનાં નામ તે તે જિનાલયના મૂળ નાયકના નામે નીચે મુજબના ક્રમે દર્શાવાયા છે:–

( ૧ ) ઋષભદેવનું, ( ૨ ) શાન્તિનાથનું. ( ૩ ) ધર્મનાથનું, ( ૪ ) પાર્શ્વનાથનું, ( ૫ ) સંભવનાથનું, ( ૬ ) ધર્મનાથનું, ( ૭ ) અભિનન્દનનાથનું, ( ૮ ) પાર્શ્વનાથનું, ( ૯ ) કુન્થુનાથનું, ( ૧૦ ) અજિતનાથનું અને ' ચિન્તામણિ ' પાર્શ્વનાથનું.

અંતમાં રાંદેરનાં નેમિનાથનું, ' સા(શા)મળા ' પાર્શ્વનાથનું અને ઋષભદેવનું એમ ત્રણ જિનાલયોનો ઉલ્લેખ કરી વડસાલિ ( ? વલસાડ ), ધણદીવિ ( ગણદેવી ), નવસારી અને હાંસોટના પણ એકેક જિનાલયનો નિર્દેશ કરાયો છે.

" પાટણની ચૈત્યપરિપાટી "ની પ્રસ્તાવના ચૈત્યપરિપાટી અને તીર્થમાલા વચ્ચેનો ભેદ દર્શાવાયો છે. સાથે સાથે એ બંનેની મહત્તા પણ જણાવાઇ છે. ચૈત્યપરિપાટીમાં તે ગામનાં કે નગરના ચૈત્યોની ક્રમસર કરાયેલી યાત્રાનું વર્ણન હોય છે. ઉપર્યુક્ત પ્રસ્તાવનામાં નીચે મુજબની ચૈત્યપરિવાડીઓના નામ અપાયાં છે.

( ૧ ) હેમહંસગણિ કૃત ગિરનાર–ચૈત્યપરિવાડી.

( ૨ ) અજ્ઞાતકર્તૃક સિદ્ધપુર–ચૈત્યપરિવાડી.

( ૩ ) નગા યાને નગર્ષિએ લાહોરમાં વિ. સં. ૧૬૫૧માં રચેલી જાલોર–ચૈત્યપરિવાડી.

આ ઉપરાંતની ચૈત્યપરિવાડીઓ કઈ કઈ છે અને એના કર્તા કોણ છે તેમ જ એ કયારે રચાયેલી છે તેની એક સૂચી તૈયાર થવી ઘટે. દરમ્યાનમાં દરેક ગામ અને નગર પોતપોતાનાં ચૈત્યોની એક નોંધ પ્રસિદ્ધ કરે તો એક મહત્વનું કાર્ય થયેલું ગણાશે.

ભાવનગરને અંગે આવું કાર્ય થયું છે ખરું ? જો ન જ થયું હોય તો તે તુરત હાથ ધરાવું જોઇએ.

અંતમાં આજે અહીં સુરતમાં ૪૫ જિનાલયો અને પચ્ચીસેક ઘર દહેરાસરો છે, એટલું સૂચવી આ લઘુ લેખ પૂર્ણ કરું તે પહેલાં એ નોંધીશ કે અહીંના નાણાવટના નવલશાના કોઠા આગળના અમારા એક વખતના ઘરમાં ઘર દહેરાસર હતું અને એમાંની નમિનાથ વગેરેની પ્રતિમાઓ ન છૂટકે ગોપીપુરાના ' અંચલ ' ગચ્છના સંભવનાથના જિનાલયમાં વિ. સં. ૧૯૭૮ના વૈશાખ વદ છઠે ( તા. ૧૭–૫–૨૨ ને રોજ ) પધરાવી દેવાઈ હતી.

## શ્રી જૈન ધર્મ પ્રકાશના ગ્રાહક બંધુઓને

શ્રી જૈન ધર્મ પ્રકાશના ગ્રાહક બંધુઓને જણાવવાનું કે આપની પાસે ૨૦૨૧નું લવાજમ લેણું થયેલ છે અને ૨૦૨૨નું લવાજમ ચડતર થવા લાગ્યુ છે. શ્રી મહાપ્રભાવિક નવસ્મરણસ્તોત્ર સ્તવનાદિ સંગ્રહ નામે ક્રાઉન ૧૬ પેજી પૂરા આઠ ફોરમનું પુસ્તક ભેટ આપવાનું છે; તો ભેટ બુકના પોસ્ટેજના ૩૦ પૈસા તથા રૂ. ૬–૫૦ લવાજમના મળી કુલ ૬–૮૦ મનીઓર્ડરથી તુરત જ મોકલવા કૃપા કરશો. નહીંતર રૂ. ૭–૪૦નું વી.પી. કરવામાં આવશે. રૂ. ૦–૯૦ વધારે થાય માટે મનીઓર્ડરથી તુરત જ મોકલી આપશો. નહીંતર વી.પી. તા. ૧૫–૩–૬૬થી કરવામાં આવશે. જ્ઞાનખાતાને નુકશાન ન થાય માટે સ્વીકારી લેશો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# માનવતા અને દાનવતા

સ્વ૦ સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ માલેગામ

મનુષ્યનું શરીર ધારણ કરનારા બધાઓને આપણે માનવ ગણીએ છીએ. પણ દાનવ એટલે કોઇ ભયંકર અને વિચિત્ર શરીરધારી લાંબા દાંતવાળા અને ક્રૂર કામો કરનારા માણસોને પણ ખાઈ જનારા મહાકાય રાક્ષસો હોવા જોઇએ. આપણા જોવામાં એ આવતા નહીં હોય, પણ પૃથ્વીના કોઇને કોઈ ભાગમાં તેઓ વસતા હોવા જોઇએ એવી આપણી કલ્પના દૃઢમૂલ થએલી છે, અને પુરાણોમાં તેમના આપણને ધ્રુજાવી મૂકનારા વર્ણનો પણ જોવા મળે છે. તેઓ અનાજ તો શું પણ જાનવરો અને માણસોને પણ ખાઈ જાય છે વિગેરે તેમના વિચિત્ર અને આપણને કંપારી છુટે એવા વર્ણનો જોવા મળે છે. એ દાનવો કહો કે રાક્ષસોનો પરિચય આપણને મળતો હોય તો આપણને તેમના સાચાં સ્વરૂપનો કાંઇક ભાગ જાણવા મળે. તેમની સાથે આપણો સંપર્ક કોઇ દિવસે થયો હોય તો તેમની રહેણીકરણી અને ભાવનાઓનો આપણને કાંઇક અનુભવ મળે અને તેમનાથી બચવા માટે આપણે સાવચેત રહીએ તો સારૂ એવો વિચાર કરીને જ અમો એ દાનવો કે રાક્ષસોનો કાંઇક પરિચય કરાવવા માગીએ છીએ.

માનવતા કે દાનવતા એ સાચી રીતે શરીરની આકૃતિ કે બાહ્ય આચરણથી ઓળખાતી નથી દરેક જ્ઞાતિ કે સમુદાયમાં સત્ પ્રવૃત્તિવાળા સાધુચરિત માનવો હોય છે. તેમ દુષ્ટ પ્રવૃત્તિવાળા, અન્યને પીડા આપનારા બીજાના દુઃખમાં આનંદ માણનારા માનવ દેહધારી રાક્ષસો કે દાનવો પણ હોય છે. આપણી આસપાસ જેમ પ્રામાણિક અને સજ્જન માણસો હરેફરે છે તેમ દુષ્ટ વૃત્તિવાળા નીચ માનવો પણ જોવામાં આવે છે. દાનવો તો કાતરની પેઠે પોતાના પેટમાં કોઇને પણ ખેંચી તેના કટકા કરી નાંખે છે. સજ્જનો કરતા તેઓ વધારે આકર્ષક લોકરંજન કરવા માટે મનોહર સ્વાંગ સજે છે. અને સજ્જન કરતા વધુ વિનય દાખવી પોતાનું દાનવોચિત કાર્ય કરે છે. આમ માનવોમાંથી દાનવો તારવા કાઢવા એ અશક્ય ભલે ન હોય પણ મુશ્કેલ તો છે જ. સીધા સરળ સજ્જનોને પોતાની મીઠી વાણીથી મોહ પમાડી તેઓ સજ્જન માનવોને પોતાના પાશમાં જકડી નાખે છે. એવા દાનવોને ઓળખી કાઢવા માટે તેમના માથે શીંગડા કે એવું બીજુ કોઈ ચિન્હ હોત તો દાનવો ઓળખવા સુલભ થઇ જાત. પણ વસ્તુસ્થિતિ તેવી નથી. આપણે જો દાનવોથી બચવું હોય તો આપણે વધુ સાવચેત રહેવું જોઇએ. અને આપણામાં ભુલેચુકે દાનવતા આવી ન જાય. તે માટે સતત સાવધાન રહેવું જોઇએ. એક સુભાષિતકારે કહ્યું છે કે,

स्वार्थो यस्य परार्थ एव स पुमानेकः सतामग्रणी
ते सिध्यन्ति च मध्यमाः परहितं स्वार्थाविरोधेन ये।
तेऽमी मानवराक्षसाः परहितं स्वार्थाय निघ्नन्ति ये
ये तु घ्नन्ति निरर्थकं परहितं ते के न जानीमहे ॥

એટલે જેઓ પારકાનું ભલું કરવું એમાં જ પોતાનો સ્વાર્થ સધાય છે એવું માની પોતાનું બધુ આચરણ રાખી અખંડિત રીતે પારકાનું ભલુ ચિંતવી તે માટે મરી ફીટનારા કોઈક જ સંત મહાત્મા જોવામાં આવે છે. અને એવા સંત પુરૂષો ભલે સાધુ હો કે ગૃહસ્થ હો લોકોમાં પૂજનીય થાય છે. અને તેઓ માનવતાનો આદર્શ જગત આગળ રજુ કરે છે. સાચા માનવો તો આવા જ હોય! એવા નવપુંગવોથી ઉતરતા પણ માનવતાને કાંઈક ઓળખનારા મધ્યમ પુરૂષો હોય છે. તેઓ પારકાનું હિત થતું હોય તો તે બગાડે તો નહીં જ. પણ સાથે સાથે પોતાના હિતમાં બાધ ન આવતો હોય તો પારકાનું હિત અવશ્ય સાધે એટલે મધ્યમ માણસો હોય છે તેઓની દૃષ્ટિ માનવતાની હોવા છતાં તે સ્વાર્થ નિરપેક્ષ નથી હોતી. મતલબ કે તેઓની સામે પોતાનો સ્વાર્થ એ મુખ્ય વસ્તુ હોય અને

( અનુસંધાન ટાઈટલ પેજ ૩ જા ઉપર )



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી સિદ્ધસેન દિવાકર

[ ચરિત્રની રૂપરેખા ]

લેખક—પં. મહારાજશ્રી ધુરંધરવિજયજી ગણી. (અંધેરી)

( ૧ )

સિદ્ધસેન જાતિએ બ્રાહ્મણ હતા. તેમનું ગોત્ર કાત્યાયન હતું. માતાનું નામ દેવશ્રી-દેવસિકા અને પિતાનું નામ દેવર્ષિ હતું.

બ્રાહ્મણ કુળને વિદ્યા વરી છે એટલું કહેવડાવવા માટે તો સિદ્ધસેન ઘણી જ નાની વયમાં તૈયાર થઇ ગયા હતા: પણ વખત જતાં તેઓ વિદ્યાના પારગામી બન્યા છે' એ પ્રમાણે જગત્ તેમને ઓળખતું થઈ ગયું હતું. તેઓ પોતાની પ્રતિભાથી ભલભલાને આંજી દેતા હતા. સિદ્ધસેનનું વિદ્યામંડળ પણ તેમને ગૌરવ આપે એવું હતું. તેમની અપ્રતિહત પ્રતિભાથી વાદમાં સામે ટક્કર ઝીલી શકે એવું કોઇ ન હતું-એટલે સિદ્ધસેને એવો માનસિક સંકલ્પ કર્યો હતો કે વાદમાં મને જે જીતે તેનો હું શિષ્ય બની જઇશ. આ સંકલ્પના બળે સિદ્ધસેનના જીવનમાં એકાએક પરિવર્તનનો પ્રસંગ ઉપસ્થિત થયો.

જ્યારે સિદ્ધસેનવિપ્ર વિદ્વત્તાની વિશિષ્ટ કીર્તિ વરી ચૂક્યા હતા ત્યારે વિદ્યાધરગચ્છાધિપતિ આર્યસ્કન્દિલાચાર્યના શિષ્યશ્રી વૃદ્ધવાદિસૂરિ ખ્યાતનામ હતા.

સિદ્ધસેનના સાંભળવામાં તે પૂજ્યશ્રીનું નામ આવ્યું હતું અને તેઓશ્રી સાથે વાદ કરીને વિજય પ્રાપ્ત કરવાની અભિલાષા તેના ચિત્તમાં ચમકારા કરતી હતી.

શ્રી વૃદ્ધવાદિસૂરિજી વિહાર કરતાં વિશાળાનગરી તરફ પધાર્યા ત્યારે સિદ્ધસેનને તેઓશ્રીનો સમાગમ ગામની બહાર જંગલમાં થઇ ગયો. વાતચીતમાં જાણવામાં આવ્યું કે એ વ્યક્તિ તો શ્રી વૃદ્ધવાદિજી પોતે જ છે. એટલે શાસ્ત્રાર્થ કરવાની પોતાની ઉત્સુકતા સિદ્ધસેને વ્યક્ત કરી અને તાત્કાલિક શાસ્ત્રાર્થ કરી વિજય મેળવવાની ઝંખનામાંય બૂઝ ગોવાળોને પણ મધ્યસ્થ રાખીને શાસ્ત્રાર્થની રમત શરૂ કરી.

સિદ્ધસેને પૂર્વ પક્ષ કર્યો ને તેમાં સર્વજ્ઞવાદનું ખંડન કર્યું. શ્રી વૃદ્ધવાદિજીએ સરળ ભાષામાં ગોવાળોને સિદ્ધસેન શું કહે છે તે સમજાવ્યું અને પોતાની વાત સમજાવી. પછીથી ગોવાળોને ગમ્મત સાથે જ્ઞાન મળે એ રીતે રાસ લેવરાવીને તેમણે સુન્દર ગીત ગાયું-ગવરાવ્યું. ગોવાળોએ શ્રી વૃદ્ધવાદિજીને વિજયી જાહેર કર્યા. રાજસભામાં પણ શ્રી સિદ્ધસેનને શાસ્ત્રાર્થમાં પરાજય આપીને શ્રી વૃદ્ધવાદિજીએ વિજય પ્રાપ્ત કર્યો. પોતાના સંકલ્પને અનુસરી સિદ્ધસેન શ્રી વૃદ્ધવાદિજીના શિષ્ય થયા. તેમનું નામ 'કુમુદચન્દ્ર' રાખવામાં આવ્યું.

( ૨ )

શ્રી કુમુદચન્દ્રમાં વિદ્વત્તા તો હતી જ, જૈનશાસનનો સમાગમ થતાં સોનામાં સુગન્ધ ભળી. જૈનાગમોનું જ્ઞાન અને આચારાદિમાં નિપુણતા પ્રાપ્ત કરતાં તેમને વાર ન લાગી. શ્રી વૃદ્ધવાદિસૂરિજીએ તેમને આચાર્યપદ આપીને પોતે વિશેષ આત્મહિત સાધવા માટે નિવૃત્તિ લીધી.

આચાર્યપદ સમયે તેમનું નામ શ્રી સિદ્ધસેન દિવાકર સ્થાપવામાં આવ્યું. દિવાકર શબ્દનો અર્થ પૂર્વધર સૂરિ થાય છે. શ્રી સિદ્ધસેન દિવાકરને અને મહારાજા વિક્રમાદિત્યને ઘણો સારો સમ્બન્ધ હતો એક સમય શ્રી સિદ્ધસેન દિવાકર વિહાર કરતાં ઉજ્જયિની તરફ પધારતા હતા. રાજાવિક્રમ ગામની બહાર ચાલ્યા આવતા હતા. રાજાએ દૂરથી આચાર્યને માનસિક નમસ્કાર કર્યો. ઇઙ્ગિતાકારથી રાજાના મનનો ભાવ જાણીને 'ધર્મલાભ' એવો આશીર્વાદ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આચાર્યશ્રીએ ઉચ્ચાર્યો રાજા તેઓશ્રીની પારખ ઉપર પ્રસન્ન થયો. અને ક્રોડ સુવર્ણ અર્પણ કર્યું. આચાર્યશ્રીએ તે સ્વીકાર્યું નહિ અને તેનો સદ્વ્યય કરાવ્યો.

( ૩ )

શ્રી સિદ્ધસેન દિવાકર ચિત્રકૂટ ચિતોડ પધાર્યા ત્યાં એક સ્તંભ ગુપ્ત વિદ્યાઓનાં પુસ્તકોથી ભરેલ છે એ હકીકત તેઓશ્રીના ખ્યાલમાં હતી. એ સ્તંભને તેઓશ્રીએ તપાસ્યો. ઔષધથી મજબૂત કરેલ તે સ્તંભને તેઓશ્રીએ ખોલી શકાય એવા ઔષધ મેળવીને ખોલ્યો. એક પત્ર વાંચ્યું. તેમાં સુવર્ણ બનાવવાની પ્રક્રિયા અને સર્ષપ પ્રયોગથી સુભટ બનાવવાની પ્રક્રિયા હતી. એ બે વિદ્યાઓ વાંચી એટલામાં શાસનદેવીએ આવીને એ પત્ર તેમની પાસેથી ખૂંચવી લીધું અને કહ્યું કે હવે આગળ સાહસ કરશો તો હેરાન થશો.

શ્રી સિદ્ધસેન દિવાકરે એ બે વિદ્યાઓથી સંતોષ માન્યો અને તેઓશ્રી અન્યત્ર વિહાર કરી ગયા.

પૂર્વદેશમાં કર્મારનગરમાં આચાર્યશ્રી પધાર્યા. ત્યાંનો રાજા દેવપાલ તેઓશ્રીનો ભક્ત બન્યો

કામરૂપદેશના રાજા વિજયવર્માએ કર્મારનગર પર ચઢાઇ કરી ત્યારે સુવર્ણ પ્રયોગ અને સર્ષપ પ્રયોગ દ્વારા રાજા દેવપાલને આચાર્યશ્રીએ વિજય અપાવ્યો. પછીથી તેઓશ્રી ત્યાં રહ્યા અને રાજાની ભક્તિને પ્રભાવે પરવશ બન્યા.

( ૪ )

શ્રી વૃદ્ધવાદિસૂરિજીને શિષ્યની શિથિલતા જાણવામાં આવી ત્યારે તેઓશ્રી ત્યાં પધાર્યા અને તેમણે એ શિથિલતા દૂર કરાવી.

શ્રી વૃદ્ધવાદિજીના સ્વર્ગગમન બાદ એક સમય શ્રી સિદ્ધસેનદિવાકરજીને સૂત્રો સંસ્કૃતમાં રચવાની ઇચ્છા થઈ.

નમોઽર્હત્-ની સંકલના પૂર્વમાંથી ઉદ્ધરીને તેઓશ્રીએ સંઘ સમક્ષ મૂકી ત્યારે સ્થવિરોએ આ ભયંકર દોષ છે-પૂર્વ પુરુષોની મહા આશાતના છે ઇત્યાદિ કહ્યું. આચાર્યશ્રીએ એ દોષનું પારાંચિત પ્રાયશ્ચિત્ત સ્વીકાર્યું અને તેઓશ્રી ગચ્છથી છૂટા થઇ એ પ્રાયશ્ચિત્ત આચરવા ચાલી નીકળ્યા બાર વર્ષને અંતે શ્રી વિક્રમાદિત્યને વિશિષ્ટ રીતે પ્રતિબોધીને પછીથી તેઓ ગચ્છમાં ભળ્યા

શ્રી વિક્રમાદિત્ય પાસે તેઓશ્રીએ ઓંકારપુરમાં સુન્દર અને વિશાળ જિનચૈત્ય નિર્માણ કરાવ્યું.

ઉજ્જયિનીમાં શ્રી અવંતી પાર્શ્વનાથ પ્રકટ કર્યા. શ્રી વિક્રમાદિત્યે આચાર્યશ્રીના સદુપદેશથી શ્રી સિદ્ધગિરિજીનો મોટો સંઘ કાઢ્યો હતો.

( ૫ )

શ્રી સિદ્ધસેન એક સમય ભરૂચ પધાર્યા ત્યાં બલમિત્ર રાજાનો પુત્ર ધનંજય રાજા રાજ્ય કરતો હતો. તે આચાર્યશ્રીનો ભક્ત બન્યો. તે નગરને એક વખત શત્રુઓએ ઘેરો ઘાલ્યો. રાજા પાસે સેના ઓછી હતી એટલે એ ગભરાઈ ગયો અને આચાર્યશ્રીને તેણે વાત જણાવી સર્ષપ પ્રયોગથી આચાર્યશ્રીએ તેને વિજય અપાવ્યો. રાજાએ વૈરાગ્યથી આચાર્યશ્રી પાસે વ્રત સ્વીકાર્યું. ત્યાંથી વિહાર કરતાં આચાર્યશ્રી દક્ષિણના દેશોમાં પધાર્યા. ત્યાં પ્રતિષ્ઠાનપુર-પઇઠાણ-માં તેઓ પૂજ્યશ્રીએ પોતાનું આયુષ્ય અલ્પ જાણીને અનશન કર્યું અને કાળક્રમે સ્વર્ગને અલંકૃત કર્યું.

તેઓશ્રીના સ્વર્ગગમનથી શ્રી સંઘમાં એક સખત આંચકો લાગ્યો. એમની પ્રતિભાની ન પૂરી શકાય એવી ખોટ પડી. વન્દન હો શ્રી સિદ્ધસેન દિવાકરને કે જેઓ-શ્રીના મહાગ્રન્થો આજ પણ વિશ્વને અજવાળી રહ્યા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ.પૂ. ભદ્રબાહુસ્વામી મહારાજ

## ( જૈન શાસનનો ચમકતો સિતારો )

લેખક : બાળમુનિ

જૈનશાસનના મહાન્ જ્યોતિર્ધર, સંપૂર્ણ શ્રુતજ્ઞાની, ચૌદ પૂર્વધર, જૈન શાસનના મહાન્ સ્તંભ, શ્રમણ સંઘના મુકુટમણિ શ્રી ભદ્રબાહુસ્વામી જૈન શાસનના પ્રાણ સમાન હતા. કારણ કે તેઓશ્રીએ જૈન શ્રમણસંઘના પ્રાણ સમાન એવા વ્યવહારસૂત્ર અને દશાશ્રુતસ્કંધાદિ સૂત્રોની સંકલના દશ આગમોની તથા નિર્યુક્તિઓની અદ્‌ભુત રચના કરી છે. એ સૂત્રોના અધ્યયન બાદ જૈન શ્રમણ સંપૂર્ણ ગીતાર્થ બની શકે છે એનું અધ્યયન કર્યા સિવાય શ્રમણોને સ્વતંત્ર રીતે વિચરવાની મર્યાદા નથી.

### જૈન શાસનની મહાન્ વિભૂતિ

આ મહાન્ વિભૂતિનો જન્મ દક્ષિણ દેશમાં આવેલા પ્રતિષ્ઠાનપુરમાં થયો હતો. તેઓ જન્મથી જ્ઞાતિએ બ્રાહ્મણ હતા. તેઓશ્રીનું ગોત્ર પ્રાચીન હતું. તેઓશ્રીને બીજા એક બંધુ હતા. તેમનું નામ [1]વરાહમિહિર હતું.

ક્રમશઃ આ બન્ને બાળકો ઉત્તરોત્તર વૃદ્ધિ પામવા લાગ્યા અને સાથે સાથે તેમની વિદ્યા પણ વૃદ્ધિ પામી ને આમ થતાં તેઓ ઉંમરમાં વધતા ગયા, અને એમની ઉંમર કરતાં પણ તેઓએ કંઇક ગણું વધુ જ્ઞાન પ્રાપ્ત કર્યું.

### સંસ્કૃતના પ્રકાંડ વિદ્વાન્

તે બન્ને બંધુઓ સંસ્કૃતના પ્રકાંડ વિદ્વાન્ અને વેદ–પારંગત તેમજ જ્યોતિષ વિદ્યાના પણ પારગામી બન્યા. **આ સંસારમાં એક એવો મત ચાલ્યો આવે છે કે જ્યાં સરસ્વતી દેવીનો વાસ ત્યાં ત્યાં લક્ષ્મીદેવીના રીસામણા."** આ બન્ને બંધુઓ માટે પણ તેવું જ હતું. ઘણીવાર તેઓને ઉદરનિર્વાહ માટે ભિક્ષા માગવા જવું પડતું હતું અને એજ ભિક્ષાથી તેમનો ઉદરનિર્વાહ થતો હતો.

એક દૃષ્ટિએ જોવા જતાં તે વખતની આદર્શ કેળવણીનો આ પ્રત્યક્ષ પુરાવો હતો. તે વખતે નાની શી કુટિરો અને "જાત મહેનત ઝિંદાબાદ"થી બાંધેલા આશ્રમો અને પૂ ગુરુદેવોની અખંડ સેવાની ઉપાસનાથી અને ઉદ્યમથી મેળવેલી વિદ્યા હતી, નહિ કે અત્યારની જેમ પૈસા ખર્ચીને ડીગ્રી મેળવીને પાસ થયેલા વિદ્વાનો હતા.

**એ સમયના વિદ્યાર્થીઓ પોતાની જિંદગીના કેટલાક વર્ષો પોતાનાં ગુરુની ઉપાસનામાં તેમજ પુસ્તકો લખવામાં ગાળતા હતા, તેને જ આપણે સાચું સમયદાન કહી શકીએ.**

તે વખતે વિદ્યાગુરુનાં નામ પડાતાં હતાં. તે જુદી જ રીતનાં હતાં. જેવાં કે પૂજ્યશ્રી, ગુરુદેવ, આચાર્યશ્રી વગેરે આદરણીય નામો પડાતાં હતાં. અત્યારની જેમ ઉચ્છૃંખલતા ભર્યાં, અવિનય ભર્યાં, તોછડાઇ ભર્યાં, શિસ્તનો ભંગ કરે તેવાં નામો પડાતાં ન હતાં.

હવે આપણે જો વિચાર કરશું તો સમજી શકીશું કે તે વખતે કેળવણી પામેલ માણસો કે વિદ્યાર્થિઓનો આદર્શ કેવો હતો. તે વખતે જ્ઞાનનો પ્રચાર શું ઓછો હતો ? તે વખતે અત્યારની જેમ ગામડે ગામડે, ઠેર ઠેર, સ્કૂલો, હાઈસ્કૂલો, કોલેજો કે મિડલ સ્કૂલો ન હતી, પણ તે વખતે મહાવિદ્યાપીઠો, મહાવિદ્યાલયો, પાઠશાળાઓ દા. ત. નાલંદા, તક્ષશીલા, અવન્તી પાટલીપુત્ર વગેરે સ્થળોએ મહાવિદ્યાલયો હતાં અને તેમાં ચીનથી બૌદ્ધ યાત્રિકો આવતા હતા અને અભ્યાસ કરતાં હતા. વિચારી જુઓ કે તે વખતે ભારતમાં વિવિધ વિષયોનું કેટલું તલસ્પર્શી તેમજ ઊંડું જ્ઞાન અપાતું હશે. તે વખતના લોકોમાં જ્ઞાન પ્રત્યે કેટલી ભક્તિ અને જ્ઞાન મેળવવાની કેટલી જિજ્ઞાસા, તમન્ના અને તલસાટ હશે ? તેમાંનો એક પણ અંશ અત્યારે દેખાય છે ? હરગીજ નહીં.

એક વખત તેમને મહાજ્ઞાની અને તે વખતના જૈન સંઘના મહાન્ સ્થંભરૂપ એવા આચાર્યદેવ શ્રી

[1] તેઓશ્રીના માતા-પિતાનું નામ કોઈ ગ્રન્થમાં ઉપલબ્ધ થતું નથી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિજયયશોભદ્રસૂરિ મહારાજનો પરિચય થયો. પૂ૦ યશોભદ્રસૂરિ મહારાજે ઉપદેશ આપી તેમની ફરજ બજાવી. આ ઉપદેશથી શ્રીભદ્રબાહુસ્વામી મહારાજનો આત્મા યજ્ઞ અને હોમ હવનમાં થતા નિર્દોષ પ્રાણીઓના બલિથી થતાં પાપોને તે પાપ છે એમ સમજી શક્યો. અને " वेद विहिता हिंसा न हिंसा " એ ઉક્તિથી ઉપજતી ભ્રમણા તેમની ટળી ગઈ.

અહિંસા-જયણા જેનો પ્રાણ છે એવો જૈન-ધર્મ તેમને રુચ્યો. તેમાં આત્મ-શાંતિનાં નીર દેખાયાં એમાં તેમને " We all are brethren "ની ભાવના દેખાઈ. સર્વ જગત ત્યાં સમાનતાની સપાટીએ ઊભું હોય તેવું ભાસ્યું. આથી તેમણે પરમ પવિત્ર ભાગવતી દીક્ષા અંગીકાર કરી અને તેઓશ્રી પૂ૦ યશોભદ્રસૂરીશ્વરજી મહારાજના શિષ્ય થયા આ વખતે તેમની ઉમ્મર ૪૫ વર્ષની હતી તેમની સાથે તેમના વડીલ બંધુ શ્રી વરાહમિહિરે પણ દીક્ષા લીધી હતી. બન્ને ભાઈઓ અત્યન્ત કુશાગ્ર બુદ્ધિવાળા હતા, અને પ્રખર વિદ્વાન્ પણ હતા. એટલે તેઓ અલ્પ સમયમાં જ પરમ-પવિત્ર જૈન વાઙ્મયમાં પારંગત બની ગયા, નિષ્ણાત બની ગયા અને એક પરમ માન્ય પુરુષ તરીકે પંકાવા લાગ્યા.

### " कर्मनकी गति न्यारी "

બન્ને ભાઈઓ એક જ માતાની કૂખે જન્મેલા હોવા છતાં પણ એક બીજામાં આકાશ-પાતાલનો ફરક હતો. પૂ૦ શ્રી ભદ્રબાહુસ્વામી મહારાજ ધીરતા, વીરતા, ગંભીરતા, દૃઢ નિશ્ચયપણું, નમ્રતા, વગેરે ગુણોવાળા હતા. ત્યારે વરાહમિહિર અભિમાની અને ઉચ્છૃંખલ હતો. એમને માટે એક લોકોક્તિ સાચી પડે છે કે કોઈ માણસમાં નવ્વાણુ અવગુણ હોય અને એક જ એવો ગુણ હોય કે જેનાથી તે માણસ ઝળહળી ઉઠે છે અને તેનાં નવ્વાણુ અવગુણો તેના પ્રકાશપુંજની નીચે દબાઈ જાય, ત્યારે કોઈ માણસમાં નવ્વાણુ ગુણો હોય અને એક એવો અવગુણ હોય કે તેના નવ્વાણું એ નવ્વાણુ ગુણો એક અવગુણની તળે દબાઈ જાય.

શ્રીભદ્રબાહુસ્વામી મહારાજ ગુરુદેવના પદપદ્મમાં બેસીને ચૌદ પૂર્વધારી થયા ત્યારે વરાહમિહિર ૧૧ અંગથી જ અટકી ગયા. તેમની બુદ્ધિ ચૌદ પૂર્વ જેવા મહાન્ વિદ્વત્તાભર્યા ગ્રન્થમાં ન ચાલી શકી-કુંઠિત બની ગઇ.

પૂજ્ય આચાર્યશ્રી યશોભદ્રસૂરિજીએ પૂજ્યશ્રી ભદ્રબાહુસ્વામી મહારાજમાં આચાર્યપદને યોગ્ય ગુણ જોયા તેથી તેમણે તેઓશ્રીને આચાર્યપદથી અલંકૃત કર્યા, અને તેમને આજ્ઞા કરી કે ' વરાહમિહિર આચાર્યપદવી જેવા મહાન્ જવાબદારીભર્યા અને ગંભીર પદને લાયક નથી. વરાહમિહિરમાં આ મહાન્ જવાબદારી ઉઠાવવાની તાકાત નથી, માટે એમને આચાર્ય પદવી ન આપવી.

પૂજ્ય આચાર્ય શ્રી યશોભદ્રસૂરિ મહારાજની પ્રથમ પાટે શ્રી સંભૂતિવિજયસૂરિ મહારાજ આવ્યા હતા તેમની પાટે તેમના શિષ્ય-રત્ન પૂજ્ય શ્રી સ્થૂલિભદ્રજી આવત પણ આચાર્યદેવ શ્રી સંભૂતિવિજય મહારાજે આચાર્યપદવીને ફક્ત આઠ જ વર્ષ અલંકૃત કરી તે પછી તેમનો સ્વર્ગવાસ થયો. તે વખતે શ્રી સ્થૂલિભદ્રજી તદ્દન નવા અણગાર હતા. આથી પૂ. આચાર્યશ્રી યશોભદ્રસૂરીશ્વરજીની પાટે યોગ્ય જો કોઇ હોય તો તે ફક્ત શ્રી ભદ્રબાહુસ્વામી મ૦ હતા. તેથી તેમની પાટે પૂ. ભદ્રબાહુસ્વામી આવ્યા, તેથી પટ્ટાવલીકારોએ પૂ. શ્રી યશોભદ્રસૂરિ મ૦ની પાટે બે પટ્ટધરોનો ઉલ્લેખ કર્યો છે.

ભદ્રબાહુસ્વામીની આ ઉન્નત દશા વરાહમિહિર ન જોઇ શક્યો અને ઇર્ષ્યાવશ તેમણે જૈનદીક્ષાનો ત્યાગ કરી પોતાના જ્ઞાનથી ભદ્રબાહુસ્વામીને નીચે ઉતારી પાડવાની કોશિશ કરવા માંડી.

**માણસ જ્યારે એક પગથિયું ચૂકે છે ત્યારે તે બધા જ પગથિયાં ઉપરથી નીચે ગબડી પડે છે.** આ જ દશા વરાહમિહિરની થઇ.

તેમણે એક વખત પોતાની વિદ્વત્તા બતાવવા અને પૂજ્ય શ્રી ભદ્રબાહુસ્વામીને નીચે ઉતારવા વર્ષાકાળમાં એક કુંડાળું દોર્યું અને કહ્યું કે-" હે રાજન્ ! આ કુંડાળાની વચ્ચોવચ્ચ એક મોટું બાવન પલનું માછલું પડશે. ( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(અનુસંધાન પેજ ૪૪ થી શરૂ)

એમાં હરકત નહીં આવતી હોય તો પારકાનું હિત તેઓ સાધવા તૈયાર હોય. આવું સસ્તુ પુણ્ય મેળવનારા માનવો જ જગતમાં વધુ પ્રમાણમાં જોવામાં આવે છે. કારણ એમાં તેઓને પોતાનું હિત બગાડવાનું કે જોખમમાં મુકવાનું હોતુ નથી. એવા માનવતા ધરાવનારા માણસો પણ જગતમાં માન પામે છે. અને તેઓ અનુક્રમે ઉંચી કોટીએ ચઢવાનો સંભવ હોય છે મનુષ્યનો દેહ ધારણ કરનારામાં ત્રીજો એક વર્ગ હોય છે. અને સુભાષિતકાર તેઓને રાક્ષસ અથવા દાનવ ગણે છે. તેઓની વૃત્તિનું વર્ણન કરતા સુભાષિત કહે છે કે, એવા દાનવો આગળ પોતાનો અંગત સ્વાર્થ એ જ મુખ્ય સાધ્ય હોય છે. પોતાના સ્વાર્થ માટે તેઓ ગમે તેવું અઘટિત અને નીચ કામ કરતા શરમાતા નથી. તેઓ પોતાના જરા જેવા ફાયદા માટે બીજાનો પ્રાણ જતો હોય પણ તેઓ અચકાતા નથી. પાપ કે પુણ્યમાં તેઓ ઝાઝો ભેદ માનવા તૈયાર હોતા નથી. પોતાને એકાદ રૂપિયાનો લાભ થતો હોય અને તે માટે બીજાનું ઘર બળી જતું હોય અને તેમાં રહેનારા માણસોને વનવાસ વેઠવો પડે તેમ હોય છતાં એને એ એક રૂપિયાનો લાભ જતો કરવાનું મન થતું નથી. પોતાની જરા જેવી કીર્તિ કે નામના મેળવવા માટે તેઓ બીજાની કીર્તિ ઉપર મેશ ચોપડવા તૈયાર થઈ જાય છે. બીજાઓનું સુખ, બીજાનો આનંદ કે સમાધાન એને મન તુચ્છ જણાય છે. પોતાની જરા જેવી સગવડ માટે પારકાને ગમે તેવા દૂષણો આપવા તેઓ અચકાતા નથી. પોતાની માન્યતા જ સાચી અને સર્વોપરિ છે એમ બતાવવા માટે બીજાઓ ઉપર ગમે તેવા આઘાતો કરવામાં તેઓ આનંદ માને છે. અને મોક્ષના અધિકારી તો અમે જ છીએ. અને બીજાઓ નર્કમાં જનારા છે એવી શાપ વાણી ઉચ્ચરવામાં પણ તેમને શરમ લાગતી નથી. આવા હોય છે દાનવો ! એઓના ગુણોનું વર્ણન કરી સુભાષિતકારે તેમની કાંઇક ઓળખાણ આપી છે.

આ રાક્ષસોના કે દાનવોના વર્ગ ઉપરાંતનો સુભાષિતકારે એક વર્ગ કલ્પેલો છે. પણ તે વર્ગને શું નામ આપવું એ સુભાષિતકારને સુઝતું ન હોવાને લીધે તેનું નામ તે આપી શક્યા નથી. એવા માનવ દેહધારી રાક્ષસો કરતાં પણ વધુ ક્રૂર અને દુષ્ટ કેવા હશે કે જેને કોઇ નામ આપવામાં પણ સુભાષિતકાર નિષ્ફળ નિવડ્યા છે ? જો કે તેવાઓનું નામ સુભાષિતકાર આપી શકતા નથી, તો પણ તેમના ગુણોની ભૂમિકા તો તેઓ આપે છે જ એવા શેતાનોનો મૂળ સ્વભાવ એવો હોય હોય છે કે, ભલે પોતાનો સ્વાર્થ નહીં સધાતો હોય પણ બીજાઓનું નુકસાન કરવામાં એને મજા પડે છે. બીજાઓને ભલે અસહ્ય દુઃખ થતું હોય અને એમ કરતાં પોતાને જરા જેવો પણ લાભ ન હોય તો પણ બીજાઓને દુઃખ તો જરૂર આપવું જ. એમના આનંદમાં, સુખમાં કે ભલામાં ઝેર તો મેળવવુ અને એમાં જ પોતાને કૃતકૃત્ય માનવું અને મનમાં પોતાની કૃતિ ઉપર પ્રસન્ન થઈ સંતોષ અનુભવવો. જ્યારે સુભાષિતકાર પંડિત હોવા છતાં આવા માનવદેહધારી દુષ્ટોનું નામ પણ ઉચરી શકતા નથી, ત્યારે આપણે તેવાઓને શી રીતે નામ આપી શકવાના ?

ઉપર આપેલા વર્ણન ઉપરથી પ્રશ્ન ઉત્પન્ન થાય છે કે, એવા લોકોનું ભાવ વર્ણન આપણે શા માટે કરવું ? અને એવાઓના ગુણોનું જ્ઞાન આપણે શા માટે મેળવવું ? આપણે આ જગતમાં માનવો તેટલા ભેગા જ વસે છે. ત્યારે તેઓમાં માનવો કોણ છે અને દાનવો કોણ છે એ શોધી કાઢ્યા વિના ચાલે તેમ નથી. અનાજમાં કાંકરા ભળી ગયેલા હોય છે તે જો જુદા કાઢવામાં ન આવે તો તેવા કાંકરાઓ આપણા દાંત તોડી નાખ્યા વગર રહેશે નહીં. ત્યારે એવા કાંકરાઓ ઓળખી લેવામાં આપણું પોતાનું જ હિત છે. સાથે સાથે આપણે પોતે પણ માનવ જ છીએ કે દાનવોના ગુણો આપણામાં પણ પેસી ગએલા છે ? એ તપાસી જોવું જોઇએ. બગલાઓ ધોળા હોય છે, તેમ હંસો પણ ધોળા જ જણાય છે. ત્યારે પ્રથમ દર્શને બન્નેમાં કાંઇ ફેર તો જણાતો નથી. એવી પરિસ્થિતિમાં આપણે બગલાને જ હંસ માની લઇએ તેમ છે. પણ જ્યારે દુધ અને પાણીનું મિશ્રણ જુદુ પાડવાનો પ્રસંગ આવે છે ત્યારે બગલો કોણ અને હંસ કોણ છે એનો પરિચય આપણને

(અનુસંધાન ટાઇટલ પેજ ૨જા ઉપર)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. G 50

# આત્મ સાધનાની અગત્ય

સાધનાનું ક્ષેત્ર વ્યાપક અને વિસ્તૃત છે. જ્યાં સુધી સાધનાનો મર્મ સમજવાનો પ્રયત્ન ન કરાય ત્યાં સુધી સાધનામાં આનંદ આવી શકતો નથી. જ્યારે સાધકનું મન સાધનામાં એક રસ થઈ જાય છે ત્યારે જ તે સાધનાનો આનંદ લઈ શકે છે.

જૈન ધર્મની સાધનાના રહસ્યને સમજવા માટે બે તત્ત્વો (૧) અહિંસા (૨) અનેકાંત સમજવા આવશ્યક છે. સમગ્ર સાધનાઓનું મૂળ–મધ્યબિંદુ અહિંસા છે અને તેને સમજવા માટેની દ્રષ્ટિ અનેકાંત (સ્યાદ્વાદ) છે.

સાધનામાં બે દ્રષ્ટિઓ હોય છે એક દ્વૈત દ્રષ્ટિ અને બીજી અદ્વૈત દ્રષ્ટિ. પ્રારંભ દ્વૈત દ્રષ્ટિથી થાય છે પરંતુ અંત અદ્વૈત દ્રષ્ટિમાં થાય છે; કારણ કે આત્મા સ્વયં સાધક છે, સ્વયં સાધ્ય છે અને સ્વયં સાધન છે.

સાધ્ય શું છે? મોક્ષ. મોક્ષ શું છે? આત્માના ગુણોની પરિપૂર્ણતા. વળી આત્મ-સાધનામાં સાધન પણ આત્મગુણો છે. જ્યાં સુધી આત્મગુણોનો પૂર્ણ વિકાસ થતો નથી ત્યાં સુધી તે સાધન છે અને જ્યારે પૂર્ણ વિકાસ થાય છે ત્યારે તે ગુણ સાધ્ય છે.

મોક્ષ શું છે? બંધનોથી છૂટવું. સમ્યગ્ દર્શન થવાથી મિથ્યાત્વનું બંધન તૂટી જાય છે. સમ્યગ્ જ્ઞાનથી અજ્ઞાનનું અને સમ્યક્ ચારિત્રથી રાગદ્વેષનું બંધન તૂટી જાય છે.

અધ્યાત્મ સાધનાના ક્ષેત્રમાં કેટલાક સાધકો એવા હોય છે કે જે એક મુહૂર્તમાં પૂર્ણતા પ્રાપ્ત કરી લે છે. આપણને તેમના જીવન ચરિત્રો વાંચતા ખૂબ આશ્ચર્ય થાય છે. કોઈ સાધકો એવા હોય છે કે જે ચાલે છે તો ઘણું પરંતુ કાંઇ પણ પ્રગતિ કરી શકતા નથી. ઘાણીના બળદની માફક એક જ સ્થાનમાં ઘૂમતા હોય છે. સાધના કરતાં કરતાં અમુક વર્ષો પસાર થયા હોય તો પણ કોઇ પ્રકારની પ્રગતિ કરી શકતા નથી જ્યાં સુધી મનની ગાંઠ તૂટતી નથી ત્યાં સુધી સાધનાથી કાંઇ પણ લાભ મળી શકતો નથી. મન પરના વાસનાના થરો જામેલ છે તે કાઢવાની જરૂર છે. જો તપશ્ચર્યાની સાધનાથી કે નિયમોના પાલનથી સાધકના રાગદ્વેષ મોહ વગેરે ક્ષીણ થયા ન હોય તો તે તપશ્ચર્યાનું કે નિયમોના પાલનનું ફળ નજીવું છે. સાધક સામાયિક, પૌષધ, ઉપવાસ વગેરેનું પાલન કરે પરંતુ તેના રાગ, દ્વેષ, મોહ વગેરે ઓછા થયા ન હોય તો તે બહુ જ ઓછું ફળ આપે છે. સાધનાનું લક્ષ્ય જીવનને શુદ્ધ અને પવિત્ર બનાવવાનું હોય છે.

ક્રિયાની સાથે વિવેકની જરૂર છે. વિવેક સાધનાનો પ્રાણ છે. ભગવાન મહાવીરે કહ્યું છે કે "पढमं नाणं तओ दया" પહેલા જ્ઞાન ને વિવેક અને પછી આચાર ને સાધના. જ્યાં સુધી અંતર મનને (અંતઃકરણને) ફટકો લાગતો નથી ત્યાં સુધી તેના વિકારો અને વિકલ્પો હઠતા નથી. મનના વિકાર અને વિકલ્પોને દૂર કરવા તે જ અધ્યાત્મ સાધનાનું એક માત્ર લક્ષ છે કોઈ પણ પ્રકારના જપ, તપ, અથવા ધ્યાનની સાધના કરો પરંતુ તેમાં

(અનુસંધાન ટાઈટલ પેજ ૨જા ઉપર)

પ્રકાશક : દીપચંદ જીવણલાલ શાહ, શ્રી જૈન ધર્મ પ્રસારક સભા–ભાવનગર
મુદ્રક : ગીરધરલાલ ફુલચંદ શાહ, સાધના મુદ્રણાલય–ભાવનગર

For Private And Personal Use Only